Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

# ઐતિહાસિક નગરી વડનગરના સ્થાપત્યો

**ગોહેલ પારસકુમાર હીરાલાલ**, પીએચ.ડી.સ્કોલર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
Email malvia.rocky64@gmail.com

***ABSTRACT***
*પ્રાચીન સમયમાં જ્યારે ઉત્તર ગુજરાતનો પ્રદેશ આર્નત નામે ઓળખાતો હતો ત્યારે વડનગર એ આનંતપુર નામે પ્રસિદ્ધ હતું. વડનગરનો ઇતિહાસ એ ખૂબ જ પ્રાચીન છે. આ વડનગર એ એના શિલ્પો સ્થાપત્ય સ્મૃતિને લીધે સમગ્ર ગુજરાતમાં એક ઐતિહાસિક નગરી તરીકે ખ્યાતિ પામ્યું છે. તેની ભવ્યતા એ વર્તમાનમાં પણ વડનગરમાં આવેલા સ્થાપત્યો પરથી જોવા મળે છે. આ સ્થાપત્યોમાં તોરણો, કોટ, દરવાજાઓ, મંદિરો, તળાવો વગેરે જોવા જેવા છે. જેની વિસ્તૃત માહિતી અહીંયા રજૂ કરવાનો પ્રયાસ કરેલ છે.*

***KEYWORDS :*** *વડનગર, ઐતિહાસિક નગરી, સ્થાપત્ય*

**પ્રસ્તાવના**

વડનગરનો ઇતિહાસ મુખ્યત્વે સ્કંદપુરાણ અંતર્ગત નાગરખંડમાંથી મળી આવે છે. કેટલાક પુરાવસ્તુઓ, ધાર્મિક શિલ્પ સ્થાપત્યો, સ્થળનામો વગેરેના આધારે વડનગર વિશેની માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ.

પ્રાચીન કાળમાં ઉત્તર ગુજરાતનો પ્રદેશ આર્નત નામથી ઓળખાતો ત્યારે એ પ્રદેશના કેન્દ્ર સમુ વડનગર આર્નતપુર નામથી પ્રસિદ્ધ હતું. આ વડનગરના બીજા પણ અન્ય નામો હતા. જેમાં પુરાણોમાં કહ્યું છે કે આ નગર 'સત્યયુગમાં ચમત્કારપુર, ત્રેતાયુગમાં આર્નતપુર દ્વાપરયુગમાં આનંદપુર અને કલિયુગમાં વૃદ્ધનગર અથવા વડનગરના નામથી ઓળખાતું. આ નામો ઉપરાંત સ્કંદપુર, માનપુર, મદનપુર, અંકસ્થલી નગર વગેરે દ્વારા પણ ઇતિહાસમાં તેનું વર્ણન થયેલું છે. આ વડનગર નામો વિશેની પણ કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. આ વડનગર એ તેના શિલ્પ અને સ્થાપત્યકલાને કારણે ઇતિહાસમાં એક અમૂલ્ય વારસારૂપી સ્થાન ધરાવે છે અને તેના શિલ્પ સ્થાપત્યની સમૃદ્ધિને લીધે તે ઐતિહાસિક નગરી તરીકે વિખ્યાત થયું છે. વડનગરમાં આવેલ સ્થાપત્યોની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે. જેમાં તોરણો, કોટ અને દરવાજાઓ અનેક એવા શૈવમંદિરો, શર્મિષ્ઠા તળાવ, પશ્ચિમ મહેતાની વાવ વગેરે સ્થાપત્યો વિશે માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.

Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

**1. વડનગરમાં આવેલ સ્થાપત્યો**

વાસ્તુશાસ્ત્રમાં તોરણ શબ્દ બે અર્થમાં વપરાયેલ છે. એક તો દેવપ્રસાદના મંડપ સામે કે જગતની કે મુખમંડપની પીઠની કુંભીના અગ્રભાગમાં તેમજ પ્રલોભન આગળ તેમજ કુંડ તથા તળાવના કાંઠે તોરણ કરવાનો વાસ્તુ શાસ્ત્રકારોએ નિર્દેશ કર્યો છે.

મંડપ વગેરેના સ્તંભ અંતરાલના ઉર્ધ્વભાગે સ્તંભ સંલગ્ન સામસામા મકર મુખમાંથી પ્રગટતી માલા કે વંદનમલિકા જેને સામાન્ય રીતે કમાન કહેવામાં આવે છે. તે અર્થમાં તોરણ શબ્દ પ્રયોજાયો છે. જેમાં કોતરાતા વિવિધ પાટોના કારણે એના મુખ્ય ત્રણ પ્રકાર ત્રય, મકર અને ચિત્ર જોવામાં આવે છે. તેઓના સમગ્ર પાટવૃત આયાતકાર કે અર્ધચંદ્રાકાર હોય છે. એના કેટલાક પ્રકારો વાસ્તુગ્રંથોમાં આપેલા છે. ઈલ્લિકા અને આંદોલ ઈલ્લિકામાં ઈયળની જેમ વળ ખાતી સંચાર ગતિને અનુરૂપ તોરણનું કંડારકામ કરવામાં આવે છે. આંદોલનમાં સમૃદ્ધ તરંગનો ભાવ પ્રગટાવવામાં આવે છે. બંનેમાં ઘણીવાર સ્તંભ શીર્ષને વળગેલા મકરમુખમાંથી વંદનમલિકા પ્રગટ થઈ ઉર્ધ્વગામી બની ભાસેટના પેટાળમાંના કમળના મધ્યબિંદુએ શિરઃપ્રવેશ કરી સ્થિર બને છે.

પેરણ બીજા અર્થમાં સુવિખ્યાત કીર્તિતોરણના અર્થમાં વપરાય છે. બારમા શતકના ત્રીજા ચરણમાં રચાયેલ પશ્ચિમ ભારતની મારુ ગુર્જર સ્થાપત્ય પ્રથાના અદ્‌ભૂત ગ્રંથ અપરાજિતપૃચ્છામાં તોરણની રચના વિધિને વિગતે સમજાવવામાં આવે છે.

એની રચના વિધિમાં પ્રથમ તો પીઠ પર ટેકાવાળા સ્તંભ કરી એના પર છજુ, ભારપટ્ટ અને તેના પર સ્તંભગર્ભ તિલક કરી તિલકની બાજુમાંથી બાહ્ય દિશામાં મકરમુખ કરવાનું તેમજ વચ્ચે શિરમોડ સમુ ઈલ્લિકા, વલણ કરી એના મધ્યપદમાં મુખ્ય દેવમૂર્તિ તથા બાજુ બાજુ દેવ પરિચારિકાઓ સ્થાપવાનું તથા સ્તંભ અંતરાલમાં ઈલ્લિકા કરવાનું કહ્યું છે. અપરાજિતપૃચ્છામાં આ તોરણોને ઉતુંગ તોરણ તરીકે ઓળખાવેલ છે.

ઉચ્ચાલક મોટા તોરણોમાં હોય છે અને તેને વળગીને આંતર દિશામાં વાળેલા મકરના મુખમાંથી વંદન શાલિકા પ્રગટ થઈ ઉર્ધ્વગામી બની ભારોટના પેટાળમાં કમળના મધ્યબિંદુમાં શિરો પ્રવેશ કરી સ્થિર બને છે. આ ઉચ્ચાલકને ફરતી ટેકણો પર વેલ અને શાલંભંજિકાના રૂપે પણ મૂકે છે. ભારોટ પરના ઇલ્લિકાવલની મધ્યમૂર્તિ બંને બાજુ સમાનદર્શી કરેલી હોય છે તેથી તોરણ બંને બાજુએથી જોતા સરખું લાગે.

વડનગર અને સિદ્ધપુરના તોરણ ભારતભરમાં પ્રસિદ્ધ છે. મંદિર સંલગ્ન અન્ય સ્થળોના કીર્તિ તોરણમાં શામળાજીની હરિશચંદ્રની ચોરીના મંદિર સાથેનું તોરણ ગુજરાતમાં સૌથી પ્રાચીન છે. વડનગરના અર્જુનબારી દરવાજા બહાર તેમજ શર્મિષ્ઠા તળાવની ઉત્તર

Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

બાજુએ એક તોરણ વ્યવસ્થિત હાલતમાં અને બીજુ તોરણ બિસ્માર હાલતમાં એમ બે તોરણો ઊભા છે જેની માહિતી નીચે પ્રમાણે છે.

**1.1. કીર્તિ તોરણ**

આ તોરણનું સોલંકીકાળના શાસન દરમિયાન સિદ્ધરાજ જયસિંહના સમયમાં ઈ.સ.૧૦૯૪ની ૧૧૪૨ના સમયગાળા દરમિયાન નિર્માણ થયું હતું. તે રાતા અને પીળા પથ્થરનું બનેલું છે. તેમાં ઉત્તમ પ્રકારનું કોતરણીકામ કરવામાં આવેલું છે. કીર્તિ સ્તંભની કુંભીઓમાં હાથીઓની મોટી હાર કોતરેલી છે. સ્તંભોમાં ગણપતિ અને બીજા અનેક દેવ-દેવીઓ કોતરેલા છે. તોરણમાં વાનરોની અનેક ચેષ્ટાઓ કરેલી છે. દેવમાં સૌથી આગળ બ્રહ્માને તેમના વાહન હંસ સહિત કોતરેલા છે. ઉપરના ભાગમાં અંદરના મકરમુખમાંથી અર્ધવૃત્તાકાર તોરણ નીકળે છે. તેની ઉપરના નાના સ્તંભની શીર્ષાવટી પર પાટડો ટેકવાયો છે. તેના ઉપર ત્રિકોણાકાર તોરણની સુંદર શૈવ પ્રતિમાઓ અને મધ્યમાં કાર્તિકેયની પ્રતિમા છે. આ કીર્તિસ્તંભનું કોતરકામ સિદ્ધપુરના રૂદ્રમહાલયના કોતરકામને મળતું આવે છે.

જેમ્સ ફર્ગ્યુસન નામના ઇતિહાસકાર પોતાના પ્રાચીનકલા નામના પુસ્તકમાં લખે છે કે 'ગુજરાતની શિલ્પકલા કેવી સુંદર હતી તેનો પુરાવો વડનગરમાં આવેલ આ બે પ્રાચીન કીર્તિસ્તંભ ઉપરથી જાણી શકાય છે.

**1.2. નરસિંહ મહેતાની ચોરીયો**

આ તોરણ ભગ્ન જર્જરીત અવસ્થામાં છે. તેને લોકો નરસિંહ મહેતાની ચોરીયોના નામે ઓળખે છે પરંતુ આ તોરણો નરસિંહ મહેતાના સમય પહેલા ત્રણ સૈકા અગાઉ બંધાવેલું હોવાનુંમાનવામાં આવે છે.

ઐતિહાસિક પુરાવાઓ દ્વારા વિદ્વાનો માને છે કે નરસિંહ મહેતાના પુત્ર શામળદાસના લગ્ન આ વડનગરમાં નહિ પણ કાઠિયાવાડમાં આવેલ કોડિનાર પાસેના વડનગરમાં થયા હતા. તેથી આ તોરણને નરસિંહ મહેતા કે શામળશાની ચોરીયો કહી શકાય નહીં. મોઢેરાના સૂર્યમંદિર પાસે પણ આવા જ બે થાંભલા છે. ત્યાં પણ લોકો તેને રામચંદ્રજીની ચોરીયો કહે છે. આથી જણાય છે કે જયાં જયાં આવા સ્તંભો ભાંગેલ ઊભા હશે અને તે કોના મંદિરના છે તે જાણવાનું સાધન નહી હોય તેવા સ્તંભોને લોકો ચોરીયો કહેતા હશે.

આ તોરણ ૫૫ વર્ષ પહેલા જીર્ણ થવાથી સયાજીરાવ ગાયકવાડના સમયમાં વડોદરા રાજ્યના આર્કિયોલોજીકલ ખાતાએ ઉતરાવી નાખ્યું હતું. તોરણની જગતી અને તેની ઉપરના કુંભીકાનો ભાગ તેની મૂળ જગ્યાએ જ છે. બાકીનો ભાગ બાજુમાં જ ગોઠવેલ છે.

E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

આ તોરણના ભાંગેલા સ્તંભ ઉપર સુંદર કોતરકામ છે. તેની કલાકારીગરી કીર્તિતોરણને અનુરૂપ છે.

આ વડનગરમાં આવેલ સોલંકીકાળ દરમિયાન બંધાયેલ તોરણો ૪૦ ફૂટની ઉંચાઈ ધરાવે છે. તે કોઈ શિવમંદિર આગળના તોરણો છે. વડનગરમાં આ તોરણો કોઈપણ જાતના રક્ષણ ટેકા સિવાય સૈકા ગયા છતા સ્તંભો ઉપર ફૂલછાપ અને પાટ વગેરેના સહારાથી અડિખમ ઉભેલા છે. આ તોરણો તેની અનોખી અને અનેરી ભાત પાડે છે. આ તોરણો તેની બાંધણીની શૈલી ઉપરથી બારમી સદીની આસપાસ બંધાયા હોય એવું લાગે છે.

આ તોરણોનું સંરક્ષણ વડોદરા રાજ્યના પુરાતત્વ સંરક્ષણ ખાતા તરફથી કરવામાં આવે છે.

### 1.3. વડનગરના કોટ અને દરવાજાઓ

વડનગરનો કોટ ઈ.સ.૧૧૫૨ વિ.સં.૧૨૦૮માં ગુર્જરેશ્વર કુમારપાલે બંધાવ્યો હોવાનું તેના અવશેષો પરથી જાણી શકાય છે. પરંતુ તે પહેલાનો આનંદપુરનો પ્રકાર કેવળ ઈંટોનો જ બનાવેલ હતો. એ 'બૃહત્કલ્પસૂત્ર' અને નિશીથચૂર્ણના ઉલ્લેખો પરથી જણાય છે. હાલમાં જે કોટના અવશેષો જોવા મળે છે. તે કોટ કુમારપાલે બંધાવ્યાનો ઉલ્લેખ કોટની પૂર્વ દિવાલમાં આવેલ અર્જુનબારીના દરવાજામાં ડાબી બાજુની ભીંતમાં મુકેલા લેખમાં કર્યા છે. આરસના પથ્થરમાં કોતરેલો આ લેખ ૩૨ ઈંચ પહોળો અને ૩૫ ઈંચ લાંબો છે. તેમાં કુલ ૪૬ પંક્તિઓ છે. જેમાં વંશાવળી આપવામાં આવી છે. ત્યારપછી કોટ સંબંધી ઉલ્લેખ કરતા ગુજરાતના રાજા કુમારપાળે ચાલુક્યરાજાઓની ધર્મક્રિયાઓ કરાવનાર નાગરો અથવા આનંદપુરના નાગર બ્રાહ્મણોના રક્ષણ માટે આ શહેરને ફરતો કોટ બંધાવ્યો છે. આ પ્રશસ્તિની રચના ગુર્જરેશ્વરના ચક્રવર્તી કવિ શ્રીપાલે કરી હતી. આ લેખ વિશેનું સર્વપ્રથમ ધ્યાન ડૉ.હરિ હર્ષદ ધ્રુવે દોર્યું હતું. શ્રીપાલની પ્રશસ્તિ ઉપરાંત લેખના અંત ભાગમાં વિ.સં.૧૬૮૯માં પુર્નતવીના કોઈ રાજાના સમયમાં મુસલમાન અધિકારી લતફહાની બેગ મિજાએ કોટ સમરાવ્યાની નોંધ કરી છે. કિલ્લાનું જીર્ણોદ્ધાર તથા સમારકામ અનેકવાર થયું છે. કોટની દિવાલમાં એક પ્રાચીન શિલ્પાવશેષ અને શિલ્પ પટ્ટીકાઓ જડી દીધી છે.

**દરવાજાઓ**

#### 1.3.1. અર્જુનબારી દરવાજો

આ દરવાજો ઉત્તર પૂર્વ દિશામાં એટલે કે ઈશાન ખૂણામાં છે. આ દરવાજામાં પ્રવેશ કરતા જમણી બાજુ મહિષાસુર મર્દિની અને ડાબી બાજુ ભૈરવ છે. આ સિવાય દરવાજાની

Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

જમણી બાજુના કોટમાં કેટલાક કલાચિત્રો અને સુંદર હંસો કોતરેલા છે. આ દરવાજામાં ડાબી બાજુએ ભીંત પર શિલાલેખ જડેલો છે.

**1.3.2. અમરથોળ દરવાજો**

આ દરવાજો વડનગરની પૂર્વ દિશામાં છે. આ દરવાજાને અડીને પ્રચીન અમરથોળ માતાના મંદિર સમૂહ આવેલ છે.તેથી આમથેર માતાના નામ પરથી આ દરવાજાનું નામ અમરથોળ પડ્યું છે. આ દરવાજામાં જમણી બાજુ મહિષાસુર મર્દિની અને ડાબી બાજુ ગણેશ છે. આ દરવાજા બહાર અગ્નિખૂણામાં ગૌરીકુંડના ચોવીસ સ્થાપત્યો છે. ઈશાન પૂર્વ મધ્યે પશ્ચિમ મહેતાની વાવ આવેલી છે.

**1.3.3. સમતોલ દરવાજો**

આ દરવાજો પશ્ચિમ દિશા તરફ છે. આ દરવાજાના બંને ગવાક્ષો ખાલી પડેલા છે. અહીંથી રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન તરફના રસ્તે જઈ શકાય છે.

**1.3.4. નદીઓળ દરવાજો**

આ દરવાજો વાયવ્ય કોણ ઉપર છે. અંદર પ્રવેશતા જમણી બાજુએ મહિષાસુર મર્દિની અને ગણપતિ મૂકેલા છે. વડનગરનું પ્રખ્યાત હાટકેશ્વરનું મંદિર દરવાજા બહાર છે. નદીઓળ પરાથી આગળ સોમપુરાના ઈષ્ટદેવ સોમનાથનું પ્રાચીન મંદિર અને આગળ જતા અંબાજી માતાનું મંદિર છે.

આ દરવાજેથી પશ્ચિમમાં જતા બે માઈલ દૂર રુપેણ નદી આવેલી છે. આ નદીએ દરવાજામાંથી જવાતું હોવાથી તેનું નામ નદીઓળ દરવાજો પડ્યું છે.

**1.3.5. ગાંસકોળ દરવાજો**

આ દરવાજો નૈઋત્ય ખૂણામાં તૂટેલી હાલતમાં છે. ઈ.સ.૧૭૨૬માં મરાઠા સરદાર કંથાજી કદમ બાંડએ આ દરવાજો તોડીને શહેર પર હુમલો કર્યો હતો. આ દરવાજાનું મૂળ નામ ગાંગસોલ પોળ હતું. હાલનું ગાંસકોળ નામ ગાંગસોલનું અપભ્રંશ નામ છે તેની નજીકમાં ભુવનેશ્વર પીઠ છે. અહીંથી બહાર નીકળતા દૂર મહાકાલેશ્વર મંદિર દેખાય છે.

**1.3.6. પીઠોરી દરવાજો**

આ દરવાજો અગ્નિ ખૂણામાં તૂટેલી હાલતમાં છે. આ દરવાજામાં અંદર પ્રવેશતા બહારના ગવાક્ષમાં જમણી બાજુએ ભૈરવ અને ડાબી બાજુએ ગણેશ છે અને દરવાજાની બહાર પીઠોરી માતાનું સ્થાનક છે. તેના પરથી આ દરવાજાને પીઠોરી દરવાજા તરીકે ઓળખવામાં આવે છે. અહીં ચિત્રેશ્વરીનું મંદિર છે.

Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

### 1.4. હાટકેશ્વર મહાદેવ મંદિર

હાટકેશ્વર મંદિરનો સમયગાળો ઈ.સ.ની ૧૫મી સદીનો માનવામાં આવે છે. આ મંદિરમાં ગર્ભગૃહ સાથે ૨.૬૦X ૫.૨૦ મીટરનો અંતરાલ અને ૮.૫૫X૮.૫૫ મીટર માપનો સમચોરસ સભામંડપ જોડાયેલો છે. તેની ત્રણે બાજુ ૪ મી X૩.૬૫ મીટરના માપની શણગાર ચોકીઓ આવેલી છે.

આ મંદિર શિખરબંધ છે. મંદિર ઉપર દેવદેવીઓ તથા અપ્સરાઓના શિલ્પ કોતરેલા છે. મંદિરની ફરતી ગ્રાસપટ્ટી ઉપર આવેલ વેદીમાં ભગવાન વિષ્ણુના દસ અવતારો અને પૌરાણિક કથાઓની હકીકતો કોતરેલી છે. જેમાં એક શિલ્પ સમુદ્ર મંથનનું પણ છે. આ સિવાય પાંડવોની બાલક્રીડા પણ એક જગ્યાએ કોતરેલી છે. આ મંદિરમાં નાની મોટી દેવોની ચારસો મૂર્તિઓ છે. આ મંદિરમાં વધારેમાં વધારે જોવાલાયક હોય તો તે મંદિરના મંડોવર ભાગ ઉપરનું અદ્‌ભૂત શિલ્પ છે. આ શિલ્પની ખાસ વિશિષ્ટતા એ છે કે નીચેથી ઉપર ભૂમિતીના કાટખૂણા અણીશુદ્ધ દેખાય છે. મંડોવરનું શિલ્પ, જગતિ તથા વિમાન ભાગનું શિલ્પ ઉત્તમ કોટિનું છે.

હાલનું આ મંદિર ચારસો પાંચસો વર્ષ પહેલા બંધાવ્યું હશે એવું પુરાતત્વ વિદો અને શિલ્પ વિશારદોનું માનવું છે.

### 1.5. શર્મિષ્ઠા તળાવ

આ તળાવનો સમયગાળો ઈ.સ.ની ૮મી થી ૧૫મી સદી સુધીનો માનવામાં આવે છે. આ તળાવ સમચોરસ આકારનું છે. તેમાં ઉતરવા માટે પથ્થરબંધ ઓવારા તથા પગથિયા બાંધેલા છે. આ પગથિયાની સંખ્યા ૩૬૦ હતી તેવું ત્યાંના લોકગીતો તથા ઉત્તર ગુજરાતના પુરાતન કામો (આર્કિયોલોજીકલ સર્વે ઓફ નોંધન ગુજરાત) નામના પુસ્તક લખ્યું છે પરંતુ હાલમાં તે બધા પગથિયા દેખાતા નથી. આ પગથિયા જમીનની અંદર કદાચ પુરાઈ ગયા હશે.

આ તળાવ કયા સમયે અને કોણ બંધાવ્યું હશે તે માટે ચોક્કસ પુરાવો મળતા નથી. અબુલ ફઝલે આઈને અકબરી ગ્રંથમાં આ તળાવનો ઉલ્લેખ કર્યો છે. આથી અનુમાન કરી શકાય કે આ તળાવ ૧૬મા સૈકા પહેલા બંધાયુ હશે. આ તળાવની મધ્યમાં એક દેરી છે. તેને સતીની દેરી કહેવામાં આવે છે. આ તળાવમાં પાણી લાવવા માટે વડનગરથી ૨૫ કિ.મી. દૂર સાબરમતી નદી હતી ત્યાં સુધી નહેર ખોદેલી હતી. જેથી તે નદીનું પાણી તળાવ સુધી લાવવામાં આવતું હશે.

Vol. 04, Issue 03, July – September, 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

આ તળાવની વચ્ચે બેટ ઉપર જવા માટે એક પુલ બાંધવામાં આવ્યો હતો. તળાવના કાંઠા પર એક મુસલમાનની કબર છે. તેના વિશે એવું કહેવામાં આવે છે કે એક પઠાણ નગર બ્રાહ્મણની છોકરી ઉપર આશિક થયો હતો. તેથી તે છોકરીનું હરણ કરી નાસી જતા તે ઘોડા સાથે કિલ્લો કૂદવા જતા એ જગ્યાએ પડી ગયો અને ત્યાં જમરણ પામ્યો હતો. તેથી આ જગ્યાએ તેની કબર બનાવવામાં આવી હતી.

**1.6. આદિનાથ મંદિર**

આ મંદિરનો સમયગાળો લગભગ ૧૦ થી ૧૩મી સદી સુધીનો માનવામાં આવે છે. આ નગરને જૈનધર્મ સાથે સંબંધ રહ્યો હોવાથી ત્યાં લગભગ પાંચ જેટલા જૈન મંદિરો આવેલા છે. આ મંદિરમાં ગૂઢમંડપ અને મુખમંડપ છે જગતી એ પૂર્વ બાજુના પગથિયા તરફ છે અને તે બે દેવકુલિકાના બે સ્તંભોના આધાર પર છે. તેના પર યક્ષ અને યક્ષિણિની અને આદિનાથની મૂર્તિઓ છે. મંદિરમાં પીઠ અને વેદી બંધ છે. આ મંદિરની દક્ષિણની દિવાલ પર દેવકુલિકાઓ સાથે ચક્રેશ્વરી દેવી અને પૂર્વમાં અંબિકા દેવી છે.

વડનગરના ઋષભદેવના પ્રાચીન અને ભવ્ય મંદિરની ભૂમિતિમાં ૩ શિખરબંધ દેરીઓ છે. મૂળ ગભારા નીચે ભોંયરામાં શેષ ફેણવાળા શ્રી પાર્શ્વનાથજીની પ્રાચીન રમણીય મૂર્તિઓ છે.

હાથીવાળા દેરાસરમાં મૂળ મહાવીર સ્વામી છે. તેમાં શિખરબંધ બાવન દેવકુંભિકાઓ છે. જેમાં પણ મહાવીર સ્વામીની પ્રતિમાઓ છે. રંગમંડપના પથ્થરના એક હાથીની ઉપર મંદિર બંધાવનાર શ્રેષ્ઠીની મૂર્તિ મુકવામાં આવેલી છે. આમ આ મંદિર સ્થાપત્યની દૃષ્ટિએ ખૂબ જ અગત્યનું છે.

**1.7. ગૌરીકુંડ**

સમરથોળ દરવાજા બહાર અજયપાળ મહાદેવના મંદિર પાસે આ કુંડ આવેલો છે. આ કુંડમાં લંબચોરસ પાટનો પથ્થર બંધ બાંધેલો છે અને તેમાં ઉતરવાના પગથિયા અને વચ્ચે પગથારની રચના છે પગથિયાની દિવાલોમાં સુંદર અને કલાત્મક મૂર્તિશિલ્પો મૂકેલા છે. આ શિલ્પો કોઈ મંદિરના ભગ્નાવશેષો હોય તેવું લાગે છે. તે કુંડના નિર્માણ સમયે કે ઉત્તરકાળના સમારકામ વખતે ગમે ત્યાંથી લાવીને ભીંતોમાં જડી દીધા હોય તેવું લાગે છે.

નાગરખંડમાં પણ ગૌરી તીર્થનું મહત્વ દર્શાવેલું છે. જેમાં પાણી આવવા માટે એક મોટો પાળ મુકવામાં આવ્યો છે. જેને લોકો કાશીના ગંગાજીનો પાળ કહે છે. તેમાં ગંગાજીનું પાણી આવે છે તેવી માન્યતા છે. પરંતુ કુંડ બાંધતી વખતે અંદર જમીનમાં ઝરણાઓનું પાણી એકઠું કરી વાવ દ્વારા પાણી લાવવાની યોજના કરી હશે તેવું જણાય છે. આ કુંડ ઘણો

જ પવિત્ર મનાય છે. શ્રાવણ માસમાં તેમજ અધિક માસમાં લોકો અહીંયા સ્નાન કરવા આવે છે અને જન્માષ્ટીના દિવસે અહીં મેળો પણ ભરાય છે.

**1.8. પશ્ચિમ મહેતાની વાવ**

આ વાવનું બાંધકામ ૧૭મી સદીનું લાગે છે. અમરથોળ દરવાજાની સામે જ સીધા પૂર્વ દિશાએ જતાં પથ્થરબંધ બાંધેલી વાવ આવે છે. તેનો દેખાવ ભવ્ય છે. તે પશ્ચિમાભિમુખ છે અને તેના બાજુમાં જ તળાવ છે. આ વાવના પ્રવેશદ્વાર આગળ ઘણા બધા સ્તંભો ઉપર ઘુમ્મટ આકારનું બાંધકામ કરેલું છે. આ વાવમાં પાંચ માળ છે. અંદરના ભાગે સુંદર કોતરકામ કરેલું છે. અને તેની બાંધણી પણ ધ્યાનાકર્ષ છે. આ વાવનું પાણી એ બિન વપરાશી હોવાને લીધે દૂષિત જોવા મળતું હતું.

**1.9. અન્ય સ્થાપત્યો**

ઉપરના સ્થાપત્યો સિવાય વડનગરમાં બીજા ઘણા બધા સ્થાપત્યો આવેલા છે. જેવા કે આમથેર માતા મંદિર સમૂહ, શીતળા માતાનું મંદિર, સોમનાથ મહાદેવ મંદિર, અજયપાળ મહાદેવ મંદિર, વિશ્વા મિતેશ્વર મંદિર, લવેશ્વર-કુશેશ્વર મંદિર, નાગતીર્થ, ગૌરીકુંડ, પશ્ચિમ મહેતાની વાવ વગેરે સ્થાપત્યો આવેલા છે જે સ્થાપત્યની દૃષ્ટિએ ઘણા અગત્યના છે.

**ઉપસંહાર**

આમ, ઉપર જણાવ્યા અનુસાર વડનગર એ શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ નગર હતું. ગુજરાતના ગૌરવસમા ભવ્ય વારસોની ઝાંખી આ વડનગરના તોરણો અને તેના શિલ્પ સ્થાપત્ય પરથી થાય છે. આમ ઉપરોક્ત જણાવ્યા અનુસાર વડનગરમાં અનેક નાના-મોટા શિલ્પો અને સ્થાપત્યો આવેલા છે પરંતુ આ સંશોધન પેપરની મર્યાદાને ધ્યાનમાં લઈને બધા જ સ્થાપત્યો વિશે વિગતે માહિતી આપી શકાય નથી. આમ, ગુજરાતના ભવ્ય ભૂતકાળમાં વારસાને ઉજાગર કરતું નગર એટલે વડનગર.

## સંદર્ભગ્રંથ સૂચિ


- પરીખ રસિકલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૪ (મૈત્રક અને અનુમૈત્રકાળ) ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૭૭
- ગોદાણી હરિલાલ, મહાગુજરાતના શિલ્પ અને સ્થાપત્યો, લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્ર.આ.૧૯૮૦
- પથિક અંક-૧, ૧૯૭૧, વડનગર કોટ અને શ્રીપાલ પ્રશસ્તી
- ભાવસાર રતિલાલ, વડનગરની ઐતિહાસિક રૂપરેખા, પ્ર.ઋષિકેશ ભાવસાર, પ્ર.આ.૨૦૦૫
- બુદ્ધિપ્રકાશ અંક-૫, ૧૯૪૯, વડનગર અને તેના અવશેષો
- કુમાર ૧૯૬૫, ગુજરાતની તોરણ સમૃદ્ધિ
- બુદ્ધિપ્રકાશ, અંક-૧, ૧૯૩૪, આર્નતપુર કે આનંદપુર